ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

“સંઘર્ષો દ્વારા
કુદરત જ
વિલ પાવર
સ્ટ્રોંગ બનાવી આપે છે.”
- નિમેષ દેસાઈ

## જન્મદિને વધામણી



ધારા ધવલકુમાર મોદી

## મનોરંજન

**સિટી પલ્સ**


**સ્ક્રીન-૨**
કરીબ કરીબ સિંગલ
૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
થોર (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
થોર (૩ડી હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ગોલમાલ અગેઈન
૧૨.૪૫
ઈત્તેફાક
૩.૪૫
બેસ્ટ ઑફ લક લાલુ (ગુજરાતી)
૭.૦૦
સિક્રેટ સુપરસ્ટાર
૯.૩૦

**સ્ક્રીન-૫**
કરીબ કરીબ સિંગલ
સવારે ૧૦.૦૦
ગોલમાલ અગેઈન
૩.૩૦, ૯.૪૫
શાદી મેં જરૂર આના
૧૨.૩૦, ૬.૩૦

# સર્વ વિદ્યાલય પરિસર ખાતે સંસ્કૃત સુભાષિત વર્ગોનો શુભારંભ



ભારતીય શિક્ષણ મંડળ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી ચાલતા સંસ્કૃત સુભાષિત વર્ગોનો શુભારંભ કાર્યક્રમ કડી કેમ્પસ ફાર્મસી કૉલેજના બિલ્ડીંગ ખાતે રવિવારે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કડી કેમ્પસના પૂર્વ નિયામક અને કડી મહિલા કૉલેજના આદ્ય આચાર્ય ડૉ. સોમભાઈ પટેલે વર્ગોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા અને સાહિત્ય સુભાષિતોનો અમૂલ્ય ખજાનો છે. તેના જ્ઞાનથી વિદ્યાર્થીઓને પોતાના જીવનને ઉન્નતિ અને સદાચારી બનાવવું જોઈએ. વર્ગ સંચાલક પ્રૉ. ડૉ. અંબાલાલ પ્રજાપતિએ સુભાષિતોના જ્ઞાનતેજથી જીવનને તેજસ્વી અને સમૃદ્ધ બનાવી જીવનને સંસ્કૃત અને સંસ્કૃતિ સાથે જોડવા અપીલ કરી. ડૉ. મનુભાઈ પ્રજાપતિએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને પ્રૉ. ઈશ્વરભાઈ વાઘામીએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

# પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે બાળદિનની ઉજવણી કરવામાં આવી

## વિદ્યાર્થીનીઓએ ભારતમાં ઉજવવામાં આવતા વિવિધ તહેવારો પર આધારિત થીમ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાંખી કરાવી

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે બાળદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના નૃત્ય દ્વારા બાળદિન કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આચાર્ય યુવરાજસિંહ દ્વારા પધારેલા અતિથિઓ તથા વાલીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પધારેલા અતિથિઓનું સુતરની આંટીથી બાળકોએ સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાનાં ટ્રસ્ટી શોભનાબાએ બાળકોને ચૉકલેટ્સ આપી બાળકોને મોં મીઠું કરાવ્યું હતું તથા વિવિધ પ્રકારની રમતો પણ રમાડી હતી.

યુવરાજસિંહ વાઘેલાએ જવાહરલાલ નહેરુને પોતના વક્તવ્યમાં યાદ કર્યા હતા. શોભનાબાએ બાળકોને જણાવ્યું હતું કે જવાહરલાલની રગેરગમાં દેશપ્રેમ ભરેલો હતો. તે સુખ સમૃદ્ધિ છોડીને દેશના પનોતા પુત્ર તરીકે આઝાદી મળી ત્યાં સુધી જંગમાં જોડાયેલાં રહ્યાં હતાં. દેશને ગુલામીમાંથી મુક્ત કરાવવામાં સફળ રહ્યા અને ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત શાળાની વિદ્યાર્થીનીઓએ ભારતમાં ઉજવવામાં આવતા વિવિધ તહેવારો પર આધારિત થીમ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાંખી કરાવીને પધારેલા સર્વ અતિથિઓ અને વાલીઓને મંત્રમુગ્ધ કરી મૂક્યા હતા. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે પણ શાળાના વિદ્યાર્થીઓએ સેવા બજાવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાનાં શિક્ષકો અને વિદ્યાર્થીનીઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૧૨નાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીને યાદગાર બનાવવા માટે શાળાનાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ માટે નૃત્ય, નાટક, ગીત, વક્તવ્યતૈયાર કરી વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કર્યાં હતાં. આ પ્રયાસ થકી વિદ્યાર્થીઓના જીવનમાં અભ્યાસનું મહત્ત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જીટી સરે સૌને બાળદિનની શુભેચ્છાઓ પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહેવાના આશીર્વચન પાઠવ્યા હતા. શિક્ષકો, વિદ્યાર્થીઓના ઉત્સાહે આ ઉજવણીને સાર્થક બનાવી હતી.

# આર જી કન્યા શાળા ખાતે વાલી મીટિંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

આર જી કન્યા માધ્યમિક શાળા ખાતે શનિવારે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

માધ્યમિક વિભાગના કુલ ૪૩૪, ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહના ૧૯૨ અને સાયન્સ પ્રવાહના કુલ ૪૧ મળી કુલ ૬૬૭ વાલીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. વાલીઓએ પ્રથમ પરીક્ષાનાં પેપર્સ જોઈ લીધા બાદ કૉમ્પ્યુટર હૉલમાં પીટીએ એમટીએના કુલ ૫૦ વાલીઓએ પોતાનું સ્થાન લીધું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કર્યા બાદ આચાર્યએ બાળકોની સલામતી અંતર્ગત સૂચનો વાલીઓને કર્યાં હતાં. શાળા મંડળ દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષા સંદર્ભે લેવાઈ રહેલાં પગલાં અને ભવિષ્યમાં લેવાનારાં પગલાં બાબતે વાલીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વીપીએમપી પૉલીટેકનીક કૉલેજના અધ્યાપકો દ્વારા ધોરણ-૧૦ પછી ડિપ્લોમા એન્જિનીયરિંગમાં પ્રવેશ શા માટે લેવો જોઈએ તેમજ તેની પ્રવેશ કાર્યવાહી શું હોય છે, કઈ કૉલેજોમાં એડમિશન મળે તે સમગ્ર માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આપી હતી.

માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈએ આભારવિધિ કરી હતી. આ તબક્કે ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર હંસાબેન અને ગીતાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. નારણભાઈ, સાયન્સ વિભાગના શૈલેષભાઈ અને તમામ સ્ટાફમિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

# હરિધામ સોખડાના વરિષ્ટ સંત કોઠારી સ્વામીનો અક્ષરવાસ

ગાંધીનગર, તા. ૧૪

વડોદરા નજીકના હરિધામ સોખડા ગામ સ્થિત યોગી ડીવાઈન સોસાયટી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત પુરૂષોત્તમચરણદાસજી (કોઠારી સ્વામી)નો સોમવારે વહેલી સવારે ૭૮ વર્ષે અક્ષરવાસ થયો છે. કોઠારી સ્વામીના નિધનના સમાચાર વાયુવેગે પ્રસરી જતા મોટી સંખ્યામાં હરિભક્તો સોખડા ખાતે પહોંચ્યા હતા.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં બ્રાજિલિયાઈ ગ્રાન્ડ પ્રિક્સ વિજેતા ખેલાડીનું નામ શું છે?
(એ) વોલેંટરીબોટ્સ
(બી) સેબસ્ટિયન વેટલ
(સી) જ્હોન રસ્કીન
(ડી) એવલોઈ સોલીના

(૨) કયા દેશના પૂર્વ સાંસ્કૃતિક મંત્રી આંન્દ્રેએજોલને યુનેસ્કોના નવા પ્રમુખપદે નિયુક્ત કરવામાં આવ્યા છે?
(એ) જર્મનીમ (બી) બ્રિટનમ (સી) રશિયામ (ડી) ફ્રાંસ

(૩) ૨૦૧૭માં એશિયન બેંકર્સ એસોસિએશનનું ૩૪મું વાર્ષિક સંમેલન ભારતના કયા શહેરમાં યોજાશે?
(એ) મુંબઈમ (બી) દિલ્હ (સી) ગાંધીનગર (ડી) ચેન્નઈ

(૪) તાજેતરમાં બોરુત પહોર કયા દેશના રાષ્ટ્રપતિ બન્યા છે?
(એ) જૉર્જિયા (બી) આઈસલેન્ડ (સી) પેરુ (ડી) સ્લોવેનિયા

(૫) ઉત્તર પ્રદેશ સરકારે ગંગા સફાઈ માટે કયા દેશ સાથે કરારો કર્યા છે?
(એ) ઑકલેન્ડ (બી) નેધરલેન્ડ (સી) સ્વીડન (ડી) ચીન

(૬) દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર પોલીસ કોન્સ્ટેબલ બનનાર ગંગા કુમારી કયા રાજ્યની વતની છે?
(એ) રાજસ્થાન (બી) કર્ણાટક (સી) ઓડિશા (ડી) કેરળ

(૭) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પોતાના વિદેશ પ્રવાસ દરમિયાન કયા દેશમાં ચોખા અનુસંધાન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું છે?
(એ) બાલી (બી) ઈન્ડોનેશિયા
(સી) ફિલિપાઈન્સ (ડી) કોરિયા

(૮) તાજેતરમાં આયોજિત વર્લ્ડ હિંદુ કોંગ્રેસની અધ્યક્ષતા કયા અમેરિકી સાંસદે કરી હતી?
(એ) તુલસીગબાર્ડ (બી) સામ પિત્રોડા
(સી) જયંતિ રાકેશ (ડી) રિયા સેન

(૯) તાજેતરમાં વિયેતનામમાં આવેલા તોફાનનું નામ શું છે?
(એ) હુવાઈ (બી) ટાઈફૂન (સી) ડામરે (ડી) હયાત

(૧૦) હાલમાં તેલંગણા રાજ્યએ કઈ ભાષાને રાજ્યની બીજી રાજભાષા જાહેર કરી છે?
(એ) હિન્દી (બી) ઉર્દૂ (સી) ઉડિયા (ડી) મલયાલમ

# જીવનભર ‘મસ્તીવાળો જુગાર’ રમીને અમર થઈ ગયેલા નિમેષ દેસાઈ

‘કળા એ તો મસ્તીવાળો જુગાર છે’ એવું કહેનારા અદાકાર, નાટ્યકાર, ફિલ્મકાર, લેખક, દિગ્દર્શક, નિર્માતા, લેખક અને ગાયક નિમેષ દેસાઈનું ૧૪ નવેમ્બર ને મંગળવારના રોજ નિધન થયું છે.

નિમેષભાઈને શ્રદ્ધાંજલિ રૂપે ગુજરાત ટાઈમ્સ (અમેરિકા)માં પ્રકાશિત નિમેષભાઈની જીવન ઝરમર (જે એમના જ કહેવાઈ હતી)ના અંશો દિપક અંતાણીએ ગાંધીનગર સમાચારના વાચકોને સાદર કર્યા છે.

પહેલી એપ્રિલ ૧૯૫૬. માતા જયમતી અને પિતા દાસ ભાઈના હુલામણા નામથી જાણીતા બેંક કર્મચારી નિરંજન દેસાઈને ત્યાં મુંબઈમાં જન્મ.વિલેપાર્લેની ગોકળીબાઈ સ્કુલમાં અભ્યાસ. પિતા નિરંજનભાઈ મૂળ ભરૂચના અને પંડિત ઓમકારનાથજી પાસે સંગીત શીખેલા. એટલે નાનપણથી જ ગાયન અને અભિનય પ્રત્યે રુચિ વારસામાં મળેલી.

પિતાએ નિવૃત્તિના છેલ્લા ચાર વર્ષ પહેલા ખંભાતથી અમદાવાદ ટ્રાન્સફર લઈ લીધી અને આવી ગયા અમદાવાદ એચ.કે.આર્ટસ કોલેજમાં. અહી રઘુવીર ચૌધરી અને યશવંત શુક્લ જેવાઓની સાથે સારા રોલ મળ્યા અને ગાવાની તક પણ મળી એટલે લાગ્યું કે, હવે કૈંક નસીબના દરવાજા ઉઘડી રહ્યા છે. સાથે સાથે ગુજરાત કોલેજના નાટ્ય વિભાગમાં પણ એડમીશન લીધું. પણ અહિયાં, એકાદ વર્ષ જશવંત ઠાકરના સાંનિધ્ય સિવાય ખાસ કઈ ફોર્મલ શીખવા મળ્યું નહી. પણ પિતા પાસેથી નાટકના ગીતો બહુ સાંભળેલા અને થોડું ઘણું શીખેલા, એટલે એ પ્રમાણે જ્યાં તક મળે ત્યાં ગાતા. એમ કરતા કરતા એચ.કે. કોલેજમાં જ “વીણાવેલી” નાટકમાં જૂની રંગભૂમિના જ સંગીત માસ્તર સાથે પરફોર્મ કર્યું. લાભશંકર ઠાકર, ચિનુ મોદી, સિતાંશુ યશશ્ચંદ્ર વગેરે એમના રંગભૂમિના ગીતોને વખાણવા લાગ્યા અને પ્રોત્સાહન મળ્યું, એટલે લાગ્યુકે, વાતમાં કૈક દમ છે. લગભગ ૧૯૭૫-૭૬ ના અરસામાં એચ.કે. ના જ કેમ્પસમાં આવેલ ઈન્ડીયન કલ્ચર વિભાગના ડો. ચીનુભાઈ નાયક ભારે પ્રેમાળ અને રંગભૂમિના રસિયા હતા, એમણે રંગભૂમિને પચાવેલી. એમનું પણ પ્રોત્સાહન મળ્યું અને ખાસ્સું ફ્રીડમ પણ. ત્યાંસુધી કે, એચ. કે. ના હોલ ની ચાવી જ નિમેષ ભાઈ પાસે રહેતી. કોલેજમાં પીરીયડને બદલે સવારથી જ હોલમાં રીહર્સલ્સકરવાની છૂટ મળી અને ઘણા નાટકો કરી શક્યા.

એ સમયે સુભાષ શાહ ‘વી’ થીયેટર ચલાવતા. સેમ્યુઅલ બેકેટ ના નાટક ‘ક્રેપ્સ લાસ્ટ ટ્રીપ’માં કોલેજના બીજા વર્ષમાં ભણતા નિમેષ ભાઈએ ૮૦ વર્ષના વૃદ્ધ નો રોલ કર્યો. જે ૨૦થી ૭૫ વર્ષના પોતાના જીવનના રેકોર્ડીન્ગ્સ સાંભળતો હોય છે. એટલે આ રેકોર્ડીન્ગ્સ માં અવાજના વૈવિધ્યનું કૌશલ્ય દર્શાવવાની તક મળી. અને બધાએ એ વખાણ્યું. નિમેષ બધાનો લાડકો થવા માંડ્યો. નાટકો વાંચવાની ટેવને કારણે “આકંઠ” સાબરમતી દ્વારા નાટકના પહેલા પુસ્તકનું વિમોચન મધુ રાય ના કહેવાથી નિમેષ દેસાઈ ના હાથે થયું. આ પહેલું સન્માન થ્રીલીંગ હતું. આમ અમદાવાદ ફળ્યું અને નાટક નો નશો ઘૂંટાતો ગયો.

પિતાજી બેંકની નોકરી માંથી નિવૃત્ત થયા, એટલે દીકરાને ત્યાં જ નોકરીની તક મળે, એ રુએ અને લોકોના આગ્રહને કારણે એકાદ વર્ષ બેંકમાં નોકરી કરી, પણ ત્યાય સ્ટાફ ગીતો જ ગવડાવતો. પિતાજી પણ સમજતા કે, ‘દીકરાને જે કરવું હોય, એ કરવા દો.’

એવામાં કોલેજના બીજા વર્ષમાં હતા ત્યારે, ઈસરોના (SITE) ખેડા કોમ્યુનીકેશનમાં નિર્માણ સહાયક (પ્રોડકશન આસીસ્ટન્ટ) માટેની જાહેરાત આવી અને ટીવી ના નવા માધ્યમને જાણવાની જીજ્ઞાસા થઈ. પ્રો. યશપાલ અને કિરણ કર્ણિક વગેરે ઈન્ટરવ્યું લેવા બેઠેલા. નોકરી ઓફર તો કરી, પણ કોલેજ છોડીને ૯ થી ૫ આવવાનું કેવીરીતે ફાવે? એટલે નિમેષ ભાઈ એ કહ્યુકે, “હું તો કોલેજ પછી સાડા અગિયાર વાગે જ આવી શકું.” “સારું..પણ ટ્રાન્સમિશન સુધી સાંજે રોકાઈશ?” એક તો ઉમર ૧૮ વર્ષથી ઓછી અને સમયમાં પણ બાંધછોડ છતાં, ઈન્ટરવ્યું કમિટીને રસ પડ્યો અને કદાચ ઈતિહાસમાં પહેલીવાર ખાસ દીલ્હીથી પરમીશન લેવાઈ અને નિમેષભાઈ ઈસરોમાં પ્રોડકશન આસીસ્ટન્ટ તરીકે જોડાયા. અને જાણે કારકીર્દીએ એક નવો વળાંક લીધો.

નિમેષભાઈના સદનસીબે કેતન મહેતા, જાનુ બરુઆ, વાલ્મીકી જેવા મિત્રો હતા, જેમણે ફોડ પાડી કે, ખોટા ગૂંચવાવાની જરૂર નથી. એ વખતે નિમેષ ભાઈ ટૂંકી વાર્તાઓ લખતા. અને આ મિત્રોને સંભળાવતા. આ જ મિત્રો એ કહ્યુ કે, “ સારું લખે છે. પણ, સ્ક્રીનપ્લે લખ.” મિત્રોએ જ સ્ક્રીન પ્લે કોને કહેવાય એ સમજાવ્યું. આમ આ મિત્રો પાસેથી ઘણું શીખવા મળ્યું.

૧૯૭૬-૭૭ માં ઈસરોએ છ મહિના માટે પૂના ફિલ્મ ઈન્સ્ટીટયુટમાં ટ્રેઈનીંગ માટે મોકલ્યા. જ્યાં વિશેષ શીખવા જાણવા મળ્યું.

દરમ્યાન, એચ કે કોલેજમાં જ ભણતી અને નાટકમાં રસ ધરાવતી ખેડા-ઉમરેઠની એક વર્ષ જુનીયર છોકરી ગોપી સાથે પરિચય અને પછી પ્રેમ થયો. ભાગીને લગ્ન કર્યા.

૧૯૭૬-૭૭ માં જ નિમેષ ભાઈએ ‘કોરસ’સંસ્થાની શરૂઆત કરી દીધેલી. એટલે નોકરી અને નાટક ચાલતા રહ્યા.

નિમેષ ભાઈ નાટક ચલાવવા માટે અને કમાણી માટે કરતા. પણ નાટકોથી કઈ કમાણી એવી થતી નહોતી. બધા નાટક ચાલે જ એવું નહોતું. પણ પિતાજી નો જબરજસ્ત સપોર્ટ હતો. નાટક કરવા દેવા માટે બાપદાદાની જમીન પરનો બંગલો/ ટેનામેન્ટ ત્રણ જ દિવસ માં વેચી નાખ્યો, એ મોટી વાત હતી.

પહેલું નાટક બ્રટોલ્ટ બ્રેક્થ નું હસમુખ પાઠક અનુવાદિત ‘વેઈટિંગ ફોર ગોદો’, પછી ૧૯૮૨ ના ગાળામાં ગ્રાસીયા લોરકા ના ‘યરમાં’ નું મહેન્દ્ર અમીન અનુવાદિત ‘રણમાં તરસ ગુલાબની’ કર્યું. જેમાં ગોપી ડેસીમ અને દીપક બાવસ્કર મુખ્ય ભૂમિકામાં હતા. તેમજ હર્ષદ શુક્લ અને બીજી ૧૮ છોકરીઓ એમ ૨૦ જનની ટીમ હતી. જેમાં વર્તમાન સમયમાં જાણીતી અભિનેત્રીઓ ચારુબેન પટેલ, અન્નપુર્ણા શુક્લ, સરૂપ ધ્રુવ વગેરેએ ઉત્સાહથી ભાગ લીધેલો. અઢારે અઢાર છોકરીઓના કોસ્ચ્યુમ્સ, ઘરેણા, ભવ્ય સેટ, શરુ કરતા પહેલા એક્ટિંગ વર્કશોપ, એવી ભવ્યતાથી ટોટલ પ્રોડક્શનના નાટક કરવાનો નિમેષ ભાઈનો મિજાજ હતો. પહેલો શો પ્રેમાભાઈ હોલમાં એનાઉન્સ થયો. ૯૫% ટીકીટ બારી પેક હતી. પણ આગલે દિવસે ગ્રાન્ડ રિહર્સલમાં નિમેષ ભાઈને એમ લાગ્યુકે, ‘હજી વધુ મહેનત કરીને, હજુ સારું થઈ શકે એમ છે.’ એટલે પ્રેમભીના મેનેજર અશ્વિનભાઈને શો નહી કરવાનો નિર્ણય જણાવ્યો. શો ને દિવસે બોર્ડ મારી દીધું. “વધુ તૈયારી માટે આજનો શો કેન્સલ છે. એકાદ અઠવાડિયા પછી ફરી શો કરીશું. જેને પૈસા જોઈએ તે ટીકીટ બારી પરથી પાછા લઈ શકે છે.” કોઈ પૈસા પાછા લેવા ન આવ્યું, બધા શાંતિથી જતા રહ્યા અને અઠવાડિયા પછી, એજ દર્શકો ફરીથી આ નાટક જોવા આવ્યા. શો પત્યા પછી શેખાદમ આબુવાલા, ભરત દવે જેવા સહિત તમામે સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. આ તાલીઓના ગડગડાટથી નાટકના નશાનો કેફ જડબેસલાક જોડાઈ ગયો.

એમણે કેતન મહેતા, નસીરુદ્દીન શાહ, ઓમપુરી, પરેશ રાવલ, વાલ્મીકી, રાજન કોઠારી, દર્શન દવે, વગેરે એ સાથે મળીને ‘સંચાર’ ફિલ્મ કો-ઓપ-સોસાયટી બનાવેલ. જેમાં અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્કના સહયોગથી ખુબ સંઘર્ષ સાથે પહેલી ફિલ્મ બનવી ‘ભવની ભવાઈ’. જેમાં નિમેષભાઈએ સહાયક દિગ્દર્શક, રંગલા ની ભૂમિકા તથા પાર્શ્વ ગાયક એમ ત્રેવડી જવાબદારી નિભાવી. રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત આ ફિલ્મની સફળતાથી આપણે સૌ વાકેફ છીએ જ.

આ પછી તરતજ પ્રતિષ્ઠિત ગુજરાતી ફિલ્મ નિર્માતા રજનીકાંત દેસાઈ એ નિમેષ ભાઈને ફિલ્મ દિગ્દર્શનની ઓફર આપી અને એમ સર્જાઈ ગુજરાતી ફિલ્મ જગતનના ઈતિહાસની યાદગાર ફિલ્મ “નસીબની બલિહારી”. આજના સફળ અભિનેતા પરેશ રાવલ ની આ પહેલી ફિલ્મ હતી. સાથે ગોપી દેસાઈ, દિના પાઠક, અરવિંદ ત્રિવેદી, વિષ્ણુકુમાર વ્યાસ, ઉપરાંત માત્ર ૧૦૧ /- રૂપિયા ના ટોકનમાં કામ કરનાર સ્મિતા પાટીલ, નાસીરુદીન શાહ અને ઓમપુરી પણ હતા. ગૌરાંગ વ્યાસના સંગીત નિર્દેશનમાં હરીહરન, આશા ભોંસલે, પ્રીતિ સાગર, સુરેશ વાડકર વગેરેએ પ્લેબેક આપ્યું,તો વાંસળી વાદક હરિપ્રસાદ ચોરસિયા જેવા દીગ્ગજોએ વાદ્યવૃંદમાં સાથ આપ્યો છે. શુટિંગ દરમ્યાન નિમેષ ભાઈને લાગ્યુકે, હજી એક એવી સિચ્યુએશન છે, જ્યાં એક વિરહ ગીત જેવું મૂકી શકાય એમ છે. એટલે અમરેલીથી ખાસ બોલાવ્યા કવિ રમેશ પારેખ ને અને સિચ્યુએશન સમજાવી. મળસ્કે એમને બસ સ્ટેન્ડ મુકવા ગયા. એવામાં કવિ રમેશ પારેખે કહ્યું, “ ગીતનું મુખડું આવ્યું.” ..પણ ખિસ્સામાં કોઈ કાગળ નહોતો, એટલે નીચે પડેલી બસની ટીકીટો ભેગી કરી એની પર ગીતનું મુખડું અને અંતરો લખાયા..”સાંવરિયો રે મારો સાંવરિયો .. હું તો ખોબો માંગું ને દઈ દે દરિયો...”ગૌરાંગ વ્યાસ દ્વારા સ્વરબદ્ધ અને આશા ભોંસલે દ્વારા ગવાયેલું આ ગીત ગુજરાતી ગીત-સંગીતના કાર્યક્રમોમાં અનિવાર્ય પણે ગવાય છે. ૬૫ દિવસના સળંગ શીડ્યુલમાં ૧૬ એમ એમ ઈસ્ટમેન કલર પર આ ફિલ્મ શૂટ થઈ. રાજકમલ સ્ટુડીયોમાં પોસ્ટ પ્રોડક્શન દરમ્યાન ઘણું જાણવા મળ્યું. ફિલ્મને ગુજરાત સરકારના શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ દિગ્દર્શક વગેરે ૧૦ એવોર્ડ મળ્યા અને નેશનલ એવોર્ડમાં પણ પસંદગી પામી.





પત્નીથી કાયમ માટે છૂટા પડીને મુંબઈથી પાછા અમદાવાદ આવીને નાટકો અને ઈસરો તેમજ માહિતીખાતાની ડોક્યુમેન્ટરીઝનો સિલસિલો ચાલુ રહ્યો. લગભગ ૯૯ જેટલા નાટકો કર્યા. આમાંના કેટલાક નાટકો કોમર્શિયલી પણ સુપરહીટ રહ્યા જેના ૧૦૦-૧૧૦ શો થયા. અને કેટલાક એન.એસ.ડી. દિલ્હી ના ભારતરંગ મહોત્સવ, એન.સી,પી.એ. મુંબઈ વસંત મહોત્સવ વગેરે પ્રતિષ્ઠિત મહોત્સવો માં ભજવાયા.

૧૯૮૫-૮૬ માં દૂરદર્શનની શરૂઆત થતા ઘણી ટીવી સીરીયલો નું નિર્માણ-દિગ્દર્શન કર્યું. માણસ એક ઉખાણું, વારસદાર, ઘટના, કથા, આટાપાટા, રજનીગંધા, પ્રોફેસર ઝુનઝુનવાલા, કલ્પતરુ, બમ ચીક બમ, દાદુ ઓ દાદુ, ધર્મયુદ્ધ (દૈનિક ધારાવાહિક) વગેરે .. તો ટેલી ફિલ્મ્સ પણ કરી.

વચ્ચે બાયપાસ સર્જરી પણ કરાવવી પડી, પણ વીસમા દિવસે સર્જનની હાજરીમાં સતત અઢી કલાક સ્ટેજ પર ગાયું. તો ૨૦૧૧ માં સળંગ ૪૫ દિવસનો નાટ્ય સેમીનાર ‘રંગપર્વ’કર્યો. જેમાં મુંબઈ થી ભુજ સુધીના કલાકાર-કસબીઓ ઉત્સાહભેરઉપસ્થિત રહ્યા.

૨૦૧ માં ફરી ૩૦ દિવસ માટે ‘રંગપર્વ’ નું આયોજન કર્યું, જેમાં સરિતા જોષી, મનોજ જોષી, મિહિર ભુતા, અરવિંદ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા. આમ ‘રંગપર્વ’ ત્રિમાસિક મેગેઝનની શરૂઆત કરી.

સહુથી મહત્વની વાત તો એ છે કે, આ ક્ષેત્રમાં હોવા છતાં નિમેષ ભાઈએ દારૂ, તમાકુ, ચા, નોનવેજ જીંદગીમાં ક્યારેય નથી લીધું. દારૂ પીતાં મિત્રો સાથે મંચિંગની મજા માણનાર આ સાચા કલાકારને માત્ર ને માત્ર નાટક અને કળાનું જ વ્યસન હતું.